ઉભારણના તળાવમાં ભૂ-માફિયાઓ બેફામ

માટીનું ખનન કરતાં ગામના રહેણાંક વિસ્તારોમાં પાણી ફરી વળવાની દહેશતથી લોકોમાં ફફડાટ

અરવલ્લી જીલ્લામાં લોકડાઉનનો ફાયદો ઉઠાવી ભુમાફિયાએ અનેક તળાવો, ગૌચર અને સરકારી જમીનમાંથી ગેરકાયદેસર ખનન અને વહન મોટા પ્રમાણમાં થયું હોવાની બૂમો ઉઠી રહી છે. જીલ્લામાં ખનીજ માફિયાઓ ખાણ ખનીજ તંત્રની મીઠી નજર હેઠળ બેફામ બની ખનન કરી કુદરતી સંપત્તિને લૂંટી રહ્યા હોવાના ઘણા બનાવો અગાઉ પણ બન્યા છે. જીલ્લા ખાણ ખનીજ તંત્રના કેટલાક કર્મીઓની કામગીરીના પગલે કેટલાક ખનન માફિયાઓ કોઈ પણ પ્રકારની મંજૂરી કે લીઝ વગર મનફાવે ત્યાં ધાપ બોલાવી ખનીજ ચોરી કરી દેતા હોય છે. ખનીજ તંત્રના દરોડામાં પણ તોડ ન થાય તો જ કાયદાકીય અને દંડની કાર્યવાહી થતી હોવાનું પ્રકૃતિપ્રેમીઓએ જણાવી રહ્યા છે ત્યારે માલપુર તાલુકાના ઉભરાણના તળાવમાં ભુ માફિયાઓએ છેલ્લા બે મહીનાથી ગેરકાયદેસર ખનન કરી કરોડો રૂપિયાની માટી ચોરી કરી લાખ્ખો રૂપિયાનો સરકારી તિજોરીને ચૂનો લગાવવાની સાથે તળાવ નજીક આવેલા રહેણાંક વિસ્તારોમાં પાણી ઘુસી જવાની દહેશત પેદા થતા લોકો ફફડી ઉઠ્યા છે. ભુમાફિયાઓની દાદાગીરી સામે ગામ લોકો લાચારી અનુભવી રહ્યા છે. જીલ્લા કલેક્ટર સમગ્ર મામલે તટસ્થ તપાસ કરાવી તળાવમાંથી માટી ક્યાં ઘર કરી ગઈ તપાસ કરી ભૂમાફિયાઓ સામે દંડનીય કાર્યવાહી કરે તેવી લોકમાંગ પ્રબળ બની છે. જીલ્લા ખાણખનીજ અધિકારી રવિ મિસ્ત્રીએ તપાસ ચાલુ હોવાનુ જણાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ઉભારણ ગામના તળાવમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ભૂમાફિયાઓનો ડોરો ઠરતાં તળાવમાંથી ગેરકાયદેસર રાત્રીના સુમારે જેસીબી મશીનથી ખોદી નાખી ડમ્પરો અને ટ્રેક્ટર મારફતે તળાવમાંથી તળાવમાં ૪૦ થી ૬૦ ફૂટ ઉંડાઉં માટી ઉલેચવાનું ચાલુ રાખતા તળાવથી માત્ર ૧૦૦ મીટર દૂર આવેલા ભોઈવાડા, વણકર, ચમાર, રાવળ, હરિજન ફળીયા અને વાવ બજારમાં પાણી ફૂટી નીકળવાની દહેશત પેદા થતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. તળાવની નજીક આવેલ સ્મશાનમાં મૃતદેહ દફનાવેલ જગ્યામાંથી પણ માટીનું ખનન કરતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સમગ્ર ઘટનાથી વહીવટીતંત્ર અજાણ રહેતા લોકોમાં અનેક ચર્ચાઓ ઉઠી રહી છે. ખાણખનીજ વિભાગ ધૃતરાષ્ટ્રની ભૂમિકા ભજવી રહ્યું હોય તેમ ખનીજ માફિયાઓને છુટ્ટો દોર મળી ગયો છે. બેફામ બનેલા ખનીજ માફિયાઓ મનફાવે ત્યાંથી ખનીજનું ખનન કરી રહ્યા છે.

ઉભારણ તળાવમાંથી ભૂમાફિયાઓ કરોડો રૂપિયાનું માટીનું ખનન કરી ગેરકાયદેસર વેપલો કરી સરકારી તિજોરીને લાખ્ખો રૂપિયાનો ચૂનો લગાવ્યો હોવાની બૂમો ઉઠી છે ત્યારે જીલ્લા ખાણખનીજ તંત્રે તળાવમાંથી માટીનું ખનન થયું છે કે નહિ તે માટે સર્વે કરવા ટિમ મોકલી આપવામાં આવી હોવાનું ખાણખનીજ અધિકારી રવિ મિસ્ત્રીએ ટેલિફોનિક પુછપરછમાં જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારે પેટ્રોલ-ડીઝલના કરેલા ભાવ વધારાના વિરોધમાં મહેસાણા શહેર કોંગ્રેસ સમિતિના ઉપક્રમે વિરોધ કરવા માટે ભેગા થતાં શહેર પોલીસે મહેસાણા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ઘનશ્યામભાઈ સોલંકી, જયદીપસિંહ ડાભી, મહેસાણા શહેર કોંગ્રેસ પ્રમુખ ભૌતિક ભટ્ટ સહિત કોર્પોરેટરો, ભાઈ બહેનો સહિત ૩૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

અરવલ્લીમાં ધમાકેદાર મેઘરાજાનું આગમન

વરસાદી માહોલ જામતા ખેડૂતોમાં આનંદ, વાતાવરણમાં ઠંડક પ્રસરી : હિંમતનગર અને રૂપાલ પંથકમાં એક ઇંચથી વધુ વરસાદ : ઈડર સિવાયના અન્ય તાલુકાઓ વરસાદથી વંચિત રહ્યા

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના બુધવારે સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં કરા સાથે ધોધમાર વરસાદ ખાબકતા નેશનલ હાઈવે પરની દુકાનોમાં વરસાદી પાણી ઘૂસ્યા હતા. જીલ્લામાં વરસાદી માહોલ છવાયા બાદ સતત બીજા દિવસે જીલ્લાના મોડાસા શહેર સહીત અનેક વિસ્તારોમાં વરસાદની એન્ટ્રી ધમાકેદાર રહી હતી. મોડાસા અને ભિલોડા પંથકમાં બપોરના સુમારે વાતાવરણમાં એકાએક પલ્ટો આવ્યો હતો. આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા. ધડાકા સાથે એકાએક વરસાદ ખાબક્યો હતો. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા મેઘરાજાના તોફાની આગમનથી વાતાવરણમાં ઠંડક પ્રસરતાં અસહ્ય ઉકળાટથી તોબા પોકારી ઉઠેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

મોડાસા, ભિલોડા પંથકમાં મૂશળધાર વરસાદ વરસ્યો હતો જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. અમુક બાળકોએ વરસાદમાં ભીંજાવવાની મજા માણી હતી. આમ એકાએક વિજળીના કડાકા અને ધડાકા સાથે વરસાદ તૂટી પડયો હતો. એક ઈંચ ઉપરાંત વરસાદ વરસ્યો હોવાનું જણાયું હતું. નીંચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જેથી રસ્તાઓ બેટ બન્યા હતા આમ મુશળધાર વરસાદ વરસતાં ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ છે. ખેડૂતો હવે ચોમાસુ વાવેતરના શ્રીગણેશ કરશે, સારો વરસાદ થતાં ખેતી પણ સારી રીતે થશે. બપોરના સુમારે વરસાદ ખાબકતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટા પડતાં મોસમનો પ્રથમ વરસાદ સારો વરસતાં ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

ગુજરાતમાં અન્ય સ્થળે ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ ચૂક્યો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં રહેતી પ્રજા વરસાદની કાગડોળે રાહ જોઈ રહી છે. ત્યારે ગુરૂવારે બપોરે દોઢ વાગ્યાના સુમારે હિંમતનગર તથા ગાંભોઈ અને રૂપાલ પંથકમાં એક ઈંચથી વધુ વરસાદ થયાના અહેવાલ સાંપડ્યા છે.

આ અંગેની વિગત એવી છે કે ગુરૂવારે બપોરે દોઢ વાગ્યાના સુમારે પશ્ચીમ દિશામાં ચઢી આવેલા વાદળો હિંમતનગર અને ગાંભોઈ તથા રૂપાલ પંથકમાંથી પસાર થતાની સાથે જ વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જો કે આ વાદળોએ બાયપાસ રોડ, ટાવર રોડ, ન્યાયમંદિર, મહેતાપુરા સહિતના ગાંભોઈ તથા રૂપાલ પંથકમાં કૃપા વરસાવીને રસ્તાઓ તથા સીમાડાઓને પાણીથી ભીંજવી દીધા હતા.

તો બીજી તરફ મહાવીરનગરના અનેક વિસ્તારો વરસાદથી વંચિત રહેવા પામ્યા હતા. ડીઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ ગુરૂવારે હિંમતનગરમાં ૯ જ્યારે ઈડર પંથકમાં ૩ મીમી. વરસાદ પડ્યો હતો તે સિવાય વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના, તલોદ અને પ્રાંતિજ પંથક વરસાદથી વંચિત રહ્યા હતા. તેમ છતાં ગુરૂવારે સાંજે વાતાવરણમાં બાફ અને ઉકળાટનુ પ્રમાણ વધુ હોવાને લઈને રાત્રે અથવા તો આગામી દિવસોમાં સાબરકાંઠા જિલ્લામાં વાવણીલાયક વરસાદ થવાની શક્યતા ખેડૂત આલમ જોઈ રહ્યો છે.

ભિલોડામાં અસહ્ય બાફ અને ઉકળાટભર્યા માહોલ વચ્ચે મેઘ મહેર

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં અસહ્ય બાફ અને ઉકળાટભર્યા માહોલ વચ્ચે આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયા બાદ મેઘ મહેર દરમ્યાન વાતાવરણમાં આહ્લાદક ઠંડક પ્રસરી હતી.ખેડુતો,પશુ-પાલકો,પ્રજાજનો અને અબોલા પશુ-પંખીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.સામાન્ય વરસાદ દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાતા કાદવ-કીચડનું સામ્રાજ્ય ફેલાયું હતું. અરબી સમુદ્રમાં લૉ પ્રેસર સિસ્ટમ સક્રીય બનતા હવામાન વિભાગ ધ્વારા મધ્યમથી ભારે વરસાદની આગાહી કરાઈ છે ત્યારે અસહ્ય કાળઝાળ ગરમી વચ્ચે મેઘરાજાની ભરબપોરે પધરામણી થઈ હતી.મેઘમહેર દરમ્યાન નાના-નાના ભુલકાઓએ વરસાદમાં ન્હાવાનો આનંદ લીધો હતો.

મહેસાણા શહેરમાં કસ્બા વિસ્તારમાં ઘાતકી હથિયારો સાથે બે જૂથ આમને સામને

કસ્બા પોલીસ ચોકી સામે બનેલ બનાવ એક જ સમાજના બે જૂથ વચ્ચે જુની અદાવતને કારણે વાતાવરણ તંગ : પરિસ્થિતિને થાળે પાડવા શહેર પોલીસનો ઝમાવડો, ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

મહેસાણા, તા. ૨૫

શહેરના લઘુમતિ કસ્બા વિસ્તારમાં આજરોજ બપોરના સમયે બે જૂથ વચ્ચે જુની અદાવતમાં ધિંગાણુ ખેલાયલ જેમાં જાહેર માર્ગ ઉપર હથિયારધારી લોકોના ટોળા ઉમટી પડતાં સમગ્ર વિસ્તારની દુકાનો ટપોટપ બંધ થઈ જવા પામેલ. હથિયારથી કરાયેલ હુમલામાં શહેરના પૂર્વ કોર્પોરેટર એયુબભાઈ બેલીમ(જવાન)નો દિકરો ઘાયલ થવા પામેલ જ્યારે સામે પક્ષે બે મહિલા અને એક પુરૂષ એમ ત્રણેક વ્યક્તિઓને ઈજા થયેલ હોવાના સમાચાર મળ્યા છે. જેઓને મહેસાણા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરવામાં આવેલ છે.

આ સંદર્ભે સત્તાવાર સમાચાર મળી શક્યા નથી. શહેર પોલીસની સમયસૂચકતાને કારણે વાતાવરણ વધુ તંગ થતાં અટક્યુ તેમ છતાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ જોવા મળી રહી છે. જ્યારે આ થયેલ તકરાર તે જુની અદાવતની સાથે ધંધાકીય પણ હોવાનુ મનાય છે.

સાબરકાંઠા જિલ્લામાં ચાલતી સેલ્ફ ફાયનાન્સ સ્કૂલો સામે પગલા ભરવા માંગ

સ્કૂલમાં રજીસ્ટ્રેશન કરાવેલા હોય તેવા શિક્ષકો શાળા બહાર ખાનગી કલાસીસ ચલાવી ઉઘાડી લૂંટ ચલાવે છે : વાલીઓ અથવા વિદ્યાર્થીઓની રજૂઆત બાદ જ સેલ્ફ ફાયનાન્સ સ્કૂલો સામે કાર્યવાહી કરાશે ?

હિંમતનગર, તા. ૨૫

સમગ્ર વિશ્વ અત્યારે કોરોનાની ભયંકર બિમારીમાં સપડાયુ છે, ત્યારે શાળા સંચાલકો દ્વારા ઓનલાઈન શિક્ષણના નામે શિક્ષણનો કારોબાર ચલાવી રહ્યા છે. હિંમતનગર શહેર સહિત સાબરકાંઠા જિલ્લામાં આવેલી સેલ્ફ ફાયનાન્સ સ્કૂલોના સંચાલકો દ્વારા કલાસીસ ચલાવતા હોય તેવા શિક્ષકોને બોલાવી શિક્ષણ કાર્ય કરાવવામાં આવી રહ્યુ છે. આમ સેલ્ફ ફાયનાન્સ સ્કૂલોના સંચાલકો દ્વારા શાળામાં રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવા શિક્ષકોને શાળા બહાર ખાનગી કલાસીસ ચલાવવાની પણ છૂટ આપી વિદ્યાર્થીઓ પાસેથી તગડી ટયુશન ફી વસૂલ કરીને ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે. ત્યારે વાલીઓ અથવા વિદ્યાર્થીઓની રજૂઆત બાદ જ સેલ્ફ ફાયનાન્સ સ્કૂલો સામે કાર્યવાહી થશે કે કેમ તેની પણ ચિંતા વાલીઓમાં થવા લાગી છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરની સેલ્ફ ફાયનાન્સ સ્કૂલોના સંચાલકો દ્વારા હાલમાં કોરોના વાયરસની મહામારી દરમિયાન વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી શાળાની ફી ઉઘરાવી ન શકાય તેવી તાકીદ કરી હોવા છતાં સાબરકાંઠા જિલ્લામાં ચાલતી સેલ્ફ ફાયનાન્સ સ્કૂલના સંચાલકો દ્વારા ફી વસૂલવાની કામગીરી કરવામાં આવી રહી છે. સેલ્ફ ફાયનાન્સ સ્કૂલોના સંચાલકો દ્વારા કલાસીસ ચલાવતા શિક્ષકોને બોલાવી શાળામાં શિક્ષણ કાર્ય કરાવવામાં આવે છે. ટયુશન કલાસીસ ચલાવતા શિક્ષકો બે કલાક શાળામાં અને ચાર કલાક કલાસીસ એમ બંને બાજુએ અભ્યાસ કરાવીને વાલીઓ પાસે તગડી ફી ઉઘરાવી રહ્યા છે. છેલ્લા બે વર્ષથી સાબરકાંઠા જિલ્લા અને હિંમતનગર શહેરની નામચીન નોનગ્રાન્ટેડ શાળાઓમાં ગ્રાન્ટેડ તેમજ કલાસીસ ચલાવતા શિક્ષકો શિક્ષણ કાર્ય કરાવે છે. જેનું બોર્ડમાં રજીસ્ટ્રેશન ધરાવતા હોવાનું પણ કયાંય નોંધાયુ નથી તેવા શિક્ષકો પણ બિન્દાસ્તપણે શાળા સંચાલકો સાથે સાંઠગાંઠ કરીને શાળા તેમજ ખાનગી કલાસીસોમાં શિક્ષણનો વેપાર કરી રહ્યા છે.

તો બીજી તરફ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પણ આવી સેલ્ફ ફાયનાન્સ શાળાઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી અને માત્ર આંખ આડા કાન જ કરવામાં આવ્યા છે. છેલ્લા બે વર્ષના સીસીટીવી ફૂટેજ આધારે ન્યાયિક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થઈ શકે તેમ છે. જાગૃત વાલીઓ દ્વારા પણ હિંમતનગર શહેર અને જિલ્લામાં ચાલતી નોનગ્રાન્ટેડ શાળાઓને નિષ્ઠાવાન અને પ્રામાણિકપણે તપાસ કરવામાં આવે અને કસુરવાર સામે પગલા ભરાય તેવી માંગ ઉઠી છે.

આ અંગે માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્ય ભાનુભાઈ પટેલનો સંપર્ક કરતા તેમણે એક વાતચીતમાં જણાવ્યુ હતું કે બોર્ડના નિયમ મુજબ જે શિક્ષકો ૧૧ થી ૫ કામગીરી કરતા હોય તે જ શિક્ષકોનું શિક્ષક તરીકે બોર્ડમાં રજીસ્ટ્રેશન કરેલુ હોવું જોઈએ તેમજ સ્કૂલ રજીસ્ટ્રેશન શિક્ષકો શાળા બહાર કોચીંગ કરાવી શકે નહિ તેવો બોર્ડનો નિયમ છે. તો બીજી તરફ જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.એસ.કે. વ્યાસે જણાવ્યુ હતું કે જો કોઈ રજૂઆત કે ફરિયાદ મળશે તો તેવી નોનગ્રાન્ટેબલ શાળાઓ વિરૂધ્ધ કાર્યવાહી કરાશે. હાલમાં તો કોરોનાના કારણે શાળાઓ અને ખાનગી ટયુશનોમાં શિક્ષણ કાર્ય બંધ છે.

પ્રાંતિજ કન્ટેઈનમેન્ટ ઝોનમાં ઉકાળાનુ તથા હોમિયોપેથી ગોળીઓનું વિતરણ કરાયું

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જાહેર કરેલ કન્ટેઈનમેન્ટ ઝોન ભાવસાર વાસ અને ટીમ્બા મહેલ્લામા ઉકાળો તથા હોમિયોપેથીક દવાઓનુ વિતરણ કરવામાં આવ્યું હતુ.

પ્રાંતિજ ખાતે કોરોનાને લઈને એક પછી એક કેસોમાં વધારો થયો છે ત્યારે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. આર.કે. યાદવના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજના ભાવસાર વાસ અને ટીબ્બા મહેલ્લામા આર્યુર્વેદિક ઉકાળાનુ વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ ખાતે કાર્યરત સરકારી હોમીયોપેથીક દવાખાનાના મેડિકલ ઓફિસર ડૉ. યતીન જોષી તથા આયુર્વેદિક દવાખાનાના મેડીકલ ઓફિસર ડૉ. નિતિબેન જાદવ, આર.જે. ઝાલા, કિષ્ણાબેન દ્વારા કન્ટેઈનમેન્ટ ઝોનમાં ઘરે ઘરે જઈને દવાઓ અને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અરવલ્લીમાં માસ્ક ન પહેરનારા વિરૂધ્ધ કાર્યવાહિ

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો વ્યાપ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ જોવા મળી રહ્યો છે, જેમાં ગ્રામ્યમાં ૧૦૭ અને શહેરી વિસ્તારમાં ૯૫ મળી કોરોનાનો આંક ૨૦૦ ને પાર પંહોચી ગયો છે. જેથી કોરોનાનું સંક્રમણને અટકાવવા ફરજીયાત માસ્ક અને સોશ્યિલ ડિસ્ટન્સિંગનો અમલ થાય તે માટે વહિવટીતંત્ર દ્વારા કડક હાથે કાર્યવાહિ હાથ ધરી છે. જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે સમગ્ર જિલ્લામાં જાહેરનામા દ્વારા માસ્ક પહેરવું ફરજીયાત કરાયું છે તેમ છંતા લોકો કોરોનાને બિમારીને ગંભીરતાથી લીધા વિના ફરતા લોકો સામે દંડ વસૂલવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સમગ્ર રાજયમાં કોરોનાના વધતા કેસને લઈ માસ્ક પહેર્યા વિના ફરતા લોકો વિરૂધ્ધ કાર્યવાહિ કરવાની સત્તા પોલીસને પણ સોંપવામાં આવી છે. જેમાં પોલીસ વિભાગ સક્રિય થઈ છેલ્લા પાંચ દિવસમાં ૫૯૫ લોકો પાસેથી રૂ. ૧,૧૯,૦૦૦ દંડ વસૂલ કર્યો છે.

હડિયોલ પંચાયતની ગૌચર જમીન માટી કૌભાંડની તપાસ કરવા માંગ

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગર તાલુકાના હડિયોલ ગામમાં સરકારી ચોપડે નોંધાયેલ ગૌચરની જમીનમાં જેસીબી અને હીટાચી મશીનથી ખોદકામ કરીને કરોડો રૂપિયાની માટી કૌભાંડની તપાસ કરવાની માગણી કરી જિલ્લા વિકાસ અધિકારી તથા સ્થાનિક ધારાસભ્ય સમક્ષ ગામના એક જાગૃત નાગરિકે રજૂઆત કરી કરોડો રૂપિયાની ગૌચર જમીન માટી કૌભાંડની તપાસ કરવામાં આવે તેવી માગણી કરી છે.

આ અંગે ગામના રહીશ અને જાગૃત નાગરિક નરસિંહભાઈ ડાહ્યાભાઈ પટેલે ગુરૂવારે હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ સમક્ષ કરેલી રજૂઆતોમાં આક્ષેપ કરતા જણાવ્યુ હતું કે હડિયોલ ગામના ગૌચર તરીકે ઓળખાતા બીડ અને દોલની સર્વે નં.૧૩૨૬, ૧૩૨૭, ૧૩૫૦, ૧૩૧૫ અને ૧૩૬૦ની જમીનમાં માટીનો પુષ્કળ જથ્થો હોવાથી પંચાયતના પદાધિકારીઓ અને જવાબદાર કર્મચારીઓની એકબીજાની મીલીભગતથી લોકડાઉન દરમિયાન અંદાજે કરોડો રૂપિયાની માટી જેસીબી, હીટાચી મારફતે ડમ્પરો ભરી વેચી નાખી છે. એટલુ જ નહિ સર્વે નં.૧૩૩૧ માં ઉંડી જમીનનું પુરાણ માટીથી કરી કરોડો રૂપિયાની રોયલ્ટીની ચોરી કરી હોવાનું પણ ચર્ચાય છે.